Seat No. : ______________

# NG-119

**November-2025**

**B.A., Sem.-V**

**DSC-C-GUJ-352 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**(NEP)**

**Time : 2:00 Hours]** **[Max. Marks : 50**

1. વિવિધ ભાષાવિજ્ઞાનીઓએ આપેલી વ્યાખ્યાઓ આપી, તેને આધારે ભાષાના લક્ષણો વર્ણવો. **10**

**અથવા**

1. ભાષાના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપભેદોની સોદાહરણ ચર્ચા કરો. **10**

2. ગુજરાતી ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયા વિગતે સમજાવો. **10**

**અથવા**

2. ભાષાવ્યવસ્થાનાં વિવિધ સ્તરોની ઉદાહરણ સહિત સમજૂતી આપો. **10**

3. માન્ય ભાષા અને બોલી વચ્ચેનો તફાવત જણાવી, સૌરાષ્ટ્રી બોલીની વિવિધ લાક્ષણિકતાઓ જણાવો. **10**

**અથવા**

3. ટૂંકનોંધ લખો : **10**
   (1) ઉત્તર ગુજરાતની બોલીની ઉચ્ચારણ અને શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતાઓ
   (2) સુરતી બોલીની વ્યાકરણ અને શબ્દભંડોળ વિષયક લાક્ષણિકતાઓ

4. અપભ્રંશથી અર્વાચીન ગુજરાતીના ઉદ્‌ભવ અને વિકાસનો વિવિધ લાક્ષણિકતાઓ સહિત વિગતે પરિચય કરાવો. **10**

**અથવા**

4. ટૂંકનોંધ લખો : **10**
   (1) ભારતનાં ભાષાકુળો
   (2) સંયુક્ત વ્યંજનનો લોપ અને પૂર્વસ્વર દીર્ઘત્વ

5. નીચેના પ્રશ્નોના ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી આપો : (કોઈપણ **દસ**) **10**
   (1) નીચેનામાંથી એક જોડ ખોટી છે તે ઓળખી બતાવો.
      (ક) ઉત્તર ગુજરાત – પટ્ટણી બોલી (ખ) મધ્ય ગુજરાત – ચરોતરી બોલી
      (ગ) સૌરાષ્ટ્ર – તળની બોલી (ઘ) દક્ષિણ ગુજરાત – સુરતી બોલી

(2) સાનુનાસિક અથવા નાસિક્ય વ્યંજનના સંપર્કવાળા “આ” ના વિવૃત “ઑ” માટે નીચેનામાંથી કયું ઉદાહરણ યોગ્ય છે ?

(ક) પાળ-પોળ (ખ) કાન-કૉન

(ગ) વીંટી-વેંટી (ઘ) દહીં-દઈ

(3) બૂહલું, જેમણાં, ધાગડી – શબ્દો ગુજરાતી ભાષાની કઈ બોલીમાં બોલાય છે ?

(ક) સૌરાષ્ટ્રી બોલી (ખ) ચરોતરી બોલી

(ગ) સુરતી બોલી (ઘ) ઉત્તર ગુજરાતની બોલી

(4) દક્ષિણ ભારતનાં રાજ્યોમાં કયા કુળની ભાષાઓ વિશેષ રીતે બોલાય છે ?

(ક) દ્રાવિડી ભાષાકુળ (ખ) મોનખ્મેર ભાષાકુળ

(ગ) ચીની-તિબેટી ભાષાકુળ (ઘ) યુરાલીય ભાષાકુળ

(5) આર્યોની ભાષાનો જૂનામાં જૂનો નમૂનો કયા ગ્રંથમાં જોવા મળે છે ?

(ક) સામવેદ (ખ) અષ્ટાંધ્યાયી

(ગ) અશોકકાલીન શિલાલેખો (ઘ) ઋગ્વેદ

(6) माता-माआ-माअ – મા ધ્વનિ પરિવર્તનમાં કઈ તરાહ જોવા મળે છે ?

(ક) ‘ક’ નો લોપ (ખ) ‘ગ’ નો લોપ

(ગ) ‘ત’ નો લોપ (ઘ) ‘ચ’ નો લોપ

(7) નીચેનામાંથી કઈ જોડ બંધબેસતી નથી તે ઓળખી બતાવો.

(ક) કંઠ્ય વ્યંજન – ક, ખ (ખ) પાર્શ્વિક – લ

(ગ) અર્ધસ્વર – મ, ન (ઘ) દત્ય – દ, ધ

(8) ઉક્તિના અમુક અંશને લંબાવીને ઉચ્ચારણ કરવામાં આવે અને જુદી અર્થછાયા નીપજે તે કયા નામે ઓળખાય છે ?

(ક) જંકચર (ખ) પ્લુતિ

(ગ) ભાર (ઘ) લાંબો લહેકો

(9) ભાષાનો સહુથી નાનો ઘટક જે અર્થભેદ કરે છે તે નીચેનામાંથી ઓળખી બતાવો :

(ક) વાક્યઘટક (ખ) શબ્દઘટક

(ગ) ધ્વનિઘટક (ઘ) રૂપઘટક

(10) ભાષાની મુખ્ય કામગીરી નીચેનામાંથી કઈ છે ?

(ક) અવગમનની (ખ) સાહિત્યના માધ્યમની

(ગ) જ્ઞાનસાધનની (ઘ) જીભની કસરતની

(11) ભાષાના સંકેતોના સંદર્ભમાં નીચેનામાંથી કઈ વિગત બંધબેસતી નથી ?

(ક) વાચ્ય-શ્રાવ્ય સ્વરૂપના (ખ) યાદચ્છિક

(ગ) સંઘટિત (ઘ) ચિત્રાત્મક

(12) ધંધાદારીઓ પોતાની ગુપ્ત સાંકેતિક બોલી પ્રયોજતા હોય છે તે કયા નામે ઓળખાય છે ?

(ક) પારસી (ખ) સ્લેન્ગ

(ગ) સંતાકૂકડી (ઘ) આરસી